શ્રી કૃષ્ણ હૉસ્પિટલ દ્વારા

# આશીર્વાદ™

# પરમાર્થ

આપની સહાયથી અન્યને મદદ મળે છે.

એપ્રિલ - જૂન ૨૦૨૨

## આપની અભિવ્યક્તિ :

સમગ્ર ચરોતર વિસ્તારની અંદર મહાનગરોમાં હોય એવી સુવિધાઓથી સજ્જ શ્રી કૃષ્ણ હૉસ્પિટલના માધ્યમથી જરૂરિયાતમંદ દર્દીઓની સેવાનો યજ્ઞ ચાલી રહ્યો છે તે ખૂબ જ આનંદની વાત છે.

દાન એ યોગ્ય લાભાર્થી સુધી પહોંચે તેનું ધ્યાન રાખવાની જવાબદારી પણ દાન આપનારની જ છે. આપની વહીવટીય પારદર્શિતાના કારણે જ આજે બધા દાનવીરોને વિશ્વાસ થયો છે કે આપેલું દાન સીધું જ લાભાર્થીને મળે છે.

“આપ આ સેવાયજ્ઞ ચાલુ જ રાખશો, અમારાથી થતી યથાશક્તિ મદદ કરતા રહીશું.”.

**- ગૌરવ જે. દેસાઈ, ગાંધીનગર**

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ દ્વારા દર્દીઓનાં જીવન બચાવવા માટે સહાય કરવાના ઉમદા હેતુથી હું ખૂબ પ્રેરિત થયો છું. ફરી એકવાર હું શ્રી કૃષ્ણ હૉસ્પિટલનો આભાર માનું છું કે તેમણે મને એક ઉમદા હેતુ માટે થોડી રકમ દાન કરવાની તક આપી.

**- રવિ પટેલ, ગાંધીનગર**

ચારુતર આરોગ્ય મંડળ સાથે જોડાઈ અમે ખૂબ ખુશી અનુભવીએ છીએ. જ્યારે અમારું નાનું યોગદાન પણ ગરીબ દર્દીઓનાં સ્મિત અને ખુશીનું કારણ બને છે ત્યારે ખૂબ જ સારું લાગે છે. અમે બનતો સહકાર તમને આપતા રહીશું.

**- ભાવેશ પટેલ, સુરત**

અમે ચારૂતર આરોગ્ય મંડળ તરફથી, સૌ દાતાઓ તેમજ દાનવીર સંસ્થાઓ થકી મળેલ સહાય માટે કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ સહાય દ્વારા અમે જરૂરીયાતમંદ દર્દીઓને ગુણવત્તાસભર સારવાર - અત્યાધુનિક સાધનો તથા પ્રોસીજર્સનાં ઉપયોગ દ્વારા પૂરી પાડી શક્યા.

## અધ્યક્ષની કલમે

વહાલા દાતાશ્રીઓ,



છેલ્લા પાંચ દાયકાઓથી મંડળ અને તેની ફેલાયેલી પ્રવૃત્તિઓ વિશે વાત કરતી વખતે હંમેશા સન્માન અને આનંદની લાગણી અનુભવાય છે. મંડળ લાખો જરૂરિયાતમંદ દર્દીઓ સુધી તબીબી સંભાળને પહોંચી વળવા અને સેવા કરવામાં સમર્થ રહ્યું છે જે અન્યથા તેમની પહોંચની બહાર હોત. મંડળ આજે તબીબી સંભાળ સેવાઓ અને માળખાકીય સુવિધાઓ સ્થાપવામાં સક્ષમ થયું છે જે શહેરી વિસ્તારોમાં શ્રેષ્ઠ કોર્પોરેટ હૉસ્પિટલો સાથે હરિફાઈ કરશે અને મંડળ દરેક દર્દીને ગુણવત્તાસભર તબીબી સંભાળ આપવામાં કટિબદ્ધ છે જેથી શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં એક આશા સાથે સારવારઅર્થે આવતા તમામ દર્દીઓની આર્થિક સ્થિતિને અવગણી ગુણવત્તાથી સારવાર પૂરી પાડે છે અને આ અમારા ઉદાર અને દાનવીર દાતાઓનાં સમર્થન વગર અશક્ય હોત.

ચારુતર આરોગ્ય મંડળમાં સમર્પિત અને પ્રતિબદ્ધ સ્વાસ્થ્ય સંભાળ કર્તાઓ દ્વારા સર્વશ્રેષ્ઠ ઉચ્ચ ગુણવત્તાની તબીબી સારવાર ઉષ્માભર્યા વાતાવરણમાં આપવામાં આવે છે. અમારી હૉસ્પિટલમાં આવતા તમામ દર્દીઓ ગમે ત્યાંથી આવ્યા હોય તેમને શ્રેષ્ઠ તબીબી સંભાળ આપવામાં આવે છે અને અમારી ટીમ તેના માટે પ્રતિબદ્ધ છે.

તમને જણાવતાં આનંદ થાય છે કે આ વર્ષે અમે મંડળની સ્થાપનાનાં ૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. સર્વશ્રેષ્ઠ આરોગ્ય સંભાળ સુવિધાઓ પૂરી પાડવાની અને “ગરીબોને સાંત્વના” આપવાની આ પાંચ દાયકાની સફરમાં આ બધા વર્ષો દરમિયાન અમારા સ્થાપક અધ્યક્ષ દ્વારા નિર્ધારિત સૂચનોને લીધે અમારી તમામ પહેલ અને ક્રિયાઓને માર્ગદર્શક બળ મળ્યું છે. આ ‘પરમાર્થ’ના અંકમાં અમે આપના માટે પાછલા ત્રિમાસિક ગાળાનાં વિશેષતાઓ લાવ્યા છીએ, જેમાં અમુક પ્રતિષ્ઠિત સિદ્ધિઓનો સમાવેશ થાય છે જે અમે વૈશ્વિક અભ્યાસનો ઉપાર્જિત (ભાગ) બનીને મેળવી છે જેને “ગિનીસ વર્લ્ડ રૅકોર્ડ્સ” દ્વારા પણ માન્યતા પ્રાપ્ત થઈ છે.

ચારુતર આરોગ્ય મંડળમાં તમારા યોગદાનથી તમે વંચિત સમુદાયના દર્દીઓના જીવનનાં સંજોગોને પરિવર્તિત કરી પ્રભાવિત કર્યા છે. તમારા ઉમદા કાર્યને લીધે દર્દીઓના જીવનમાં માત્ર આશા જ નથી લાવી પરંતુ એ પણ સુનિશ્ચિત કર્યું છે કે ઉચ્ચતમ તબીબી સુવિધાઓ સાથે માનવજીવનની કાળજી રાખવી શક્ય છે.

તમારો અમારા પરનો વિશ્વાસ અને બિનશરતી સહકાર શબ્દોમાં માપી શકાય તેમ નથી, તેથી હું એટલું જ કહીશ કે તમે અમને વધુ ને વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી તેઓને મદદ કરવા માટે સક્ષમ બનાવ્યા છે, અને દાતાઓની સહાનુભૂતિ અને જાળવી રાખેલ ઉદારતાને લીધે મંડળનું મિશન છેલ્લા પાંચ દાયકાથી અવિરત ચાલે છે.

ફરી એકવાર હું તમારા વિશ્વાસ અને સહકાર માટે બધાનો આભાર માનું છું.

**- અતુલ પટેલ**
અધ્યક્ષ
ચારુતર આરોગ્ય મંડળ

## ચારુતર આરોગ્ય મંડળના સી.ઈ.ઓ. શ્રી સંદીપ દેસાઈની સ્વૈચ્છિક નિવૃત્તિ

શ્રી સંદીપ દેસાઈ જેમણે ચારુતર આરોગ્ય મંડળમાં ૨ દાયકાથી વધુ સમય સુધી એક ધગશ સાથે લોકોને એકસમાન ધોરણે પોષાય તેવા દરે અને દરેકને સેવાઓની પહોંચ મળે તે રીતે આરોગ્ય સંભાળ/સેવાઓ પૂરી પાડવામાં યોગદાન આપ્યું અને તે માટે તમામ સ્તરે કર્મચારીઓને તૈયાર કર્યા, જેઓએ ૩૦ જૂન, ૨૦૨૨ના રોજ સી.ઈ.ઓ. તરીકેનો તેમનો છેલ્લો દિવસ વીતાવ્યો.





## કૈલાશબેન - મજગની બીમારીથી ઉગર્યા



પંચમહાલ જિલ્લાના નેનકી ગામમાં રહેતા ૨૭ વર્ષીય કૈલાશબેન બિલવાલ તેમના છ સભ્યોના પરિવાર સાથે રહે છે. તેમના પતિ અનિલભાઈ પરિવારમાં માત્ર કમાનાર સભ્ય, રોજીંદા પશુપાલન કામ કરી ઘર ચલાવે છે. કૈલાશબેનને બે બાળકો છે. લક્ષ જે પાંચ વર્ષનો અને વૈભવ જે બે વર્ષનો છે. તેણીને તેમનાં બે બાળકોની સંભાળ રાખવા માટે ઘરે રહેવું પડે છે જેથી તે પરિવારને આર્થિક યોગદાન આપી શકતી નથી.

ત્રીજી ગર્ભાવસ્થા દરમ્યાન તેમને અચાનક ઘરે ચક્કર આવતા બેભાન થઈ જતા જમીન પર પડી ગયા અને માથામાં ગંભીર ઈજા થઈ ગઈ. તેમની તબિયાત વધુ બગડતી જણાતા તેનો પરિવાર તેને ૩૦ માર્ચ, ૨૦૨૨ના રોજ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ લઈને આવ્યા.

અમુક જરૂરી પરિક્ષણો બાદ તેમને પોસ્ટપાર્ટમ (પ્રસુતિ બાદ) મગજમાં સોજો હોવાનું તારણ કાઢ્યું. તેમને ક્રેનેક્ટોમી (માથાની) સર્જરી, આઈ.સી.યુ.માં ઑક્સિજન સપોર્ટ અને ભારે દવાઓ જેવી સારવારની જરૂરિયાત હતી. તેણીને ૪૪ દિવસ સુધી ક્રિટિકલ કેર હેઠળ દવાઓ સાથે રાખવામાં આવ્યા. તેમના પતિ અનિલભાઈ તેમની બધી આવક અને બચત સમાપ્ત થતા ઉધારી કરી સારવારનાં બિલ ચુકવતા હતા. દેવું વધતું જણાતા તે ચિંતિત રહેતા તેમને મદદ માટે અપીલ કરી, દાતાઓનો સહયોગ પ્રાપ્ત થયો અને રૂા. ૯ લાખથી વધુના સારવાર ખર્ચને પહોંચી વળવા મદદ મળી. ૪૪ દિવસની સઘન સારવાર અને દેખરેખ બાદ કૈલાશબેન ખુશ અને સ્વસ્થ થઈ ઘરે પાછા ગયા. અનિલભાઈએ હૉસ્પિટલ સ્ટાફનો અને દાતાઓનો તેમની પત્નીને બચાવવા બદલ આભાર વ્યક્ત કર્યો.

## લકવાગ્રસ્ત હર્ષકુમાર - સ્વસ્થ પાછો ફર્યો



૨૦ વર્ષીય હર્ષ પંકજ વાઘેલા કૉલેજનો તેજસ્વી વિદ્યાર્થી, સુરતમાં તેમનાં માતા-પિતા અને બહેન રિદ્ધિ સાથે રહે છે. તેમના પિતા એક જ્વેલરીની દુકાનમાં સફાઈકામ કરી નજીવી આવકમાં નોકરી કરે છે.

લગભગ એપ્રિલ, ૨૦૨૨ના અંતમાં હર્ષને શ્વાસ લેવામાં તકલીફ અને પાણી ગળવામાં તકલીફ થવા લાગી. જ્યારે આ એક અઠવાડિયા સુધી ચાલુ રહ્યુ ત્યારે તેઓ ગામના સ્થાનિક ડૉક્ટર પાસે લઈ ગયા જ્યાં તેમને દુઃખાવા માટે દવા આપી. હર્ષ રાત્રે જમ્યા બાદ દવા લઈને સૂઈ ગયો. બીજી સવારે તે ન તો ઊભો થઈ શક્યો કે ન તો તેના અંગો હલાવી શક્યો. તે રડવા લાગ્યો.

માતા પિતા ચિંતિત થઈ ગયા. જ્યારે તેને સ્થાનિક ડૉક્ટરની સલાહ બાદ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ લાવવામાં આવ્યો ત્યારે તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. તબીબી તપાસ અને પરિક્ષણ બાદ જાણવા મળ્યું કે તે ગુલિયન બૅરે સિન્ડ્રોમથી પીડિત હતો જે એક અસમાન્ય રોગ છે, જેમાં રોગપ્રતિકારક શક્તિ અને ચેતાતંત્ર પર હુમલો કરી નબળા બનાવે છે.

હર્ષને લગભગ ૩૦ દિવસ સુધી વૅન્ટિલેટર સપોર્ટ અને ભારે દવાઓ પર રાખવામાં આવ્યો હતો. જેમ-જેમ હૉસ્પિટલમાં દિવસો પસાર થતા ગયા, બિલ વધવાને લીધે ઓછી આવક અને સગવડને લીધે તેમનાં પિતા પંકજભાઈને લાગ્યું તે હવે સક્ષમ નથી.

માતા-પિતાએ ડૉક્ટરોને કહ્યું કે, સારવાર ચાલુ રાખવામાં અને અંદાજીત રૂા. ૮ લાખના ખર્ચની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે.

મંડળ દ્વારા પરિવારની સામાજીક-આર્થિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને પ્રતિત કર્યું કે, આ કેસ સહાય માટે યથાર્થ છે. મંડળે દાતાઓ અને દાનવીર સંસ્થાઓને સહયોગ માટે અપીલ કરી. હર્ષને ૫૪ દિવસની સફળ સારવાર બાદ રજા આપવામાં આવી. તે હવે તેમના મિત્રો સાથે રમવા જાય છે. પરિવારે તેમના બાળકનો જીવ બચાવવા માટે મદદ બદલ ટાટા ટ્રસ્ટ અને અન્ય દાતાઓનો આભાર માન્યો.

## રિંકુબેન નરેન્દ્રભાઈ ડાભીઃ યુવાન માતા મોતના મુખમાંથી પાછી ફરી



ખેડા જિલ્લાના મહેમદાવાદ ગામમાં રિંકુ અને તેમના પતિ નરેન્દ્ર તેમના માતાપિતા સાથે એક સરળ અને સુખી જીવન વીતાવે છે.  તેમના પતિ નરેન્દ્ર અને સસરા કનુભાઈ એક સ્થાનિક પેઢીમાં નાનું-મોટું મજૂરી કામ કરે છે. નરેન્દ્ર અને તેના પિતા માત્ર મૂળભૂત જરૂરિયાત પૂરી થઈ શકે એટલું જ કમાય છે.

દિવસભરની મહેનત પછી દરરોજ સાંજે નરેન્દ્ર અને તેમનાં પિતા પરિવાર સાથે સમય વિતાવવાની રાહ જુએ છે. જ્યારે પ્રથમ બાળકનું આગમન થવાનું હતું નવદંપત્તિ ખૂબ ખુશ હતા અને સ્થાનિક ડૉક્ટરની સલાહ માટે ગયા. આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી યોગ્ય પરેજી મુશ્કેલ હતી. જ્યારે પ્રસુતિની વેદના શરૂ થઈ પરિવાર રિંકુને એક ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયા જ્યાં તેણીએ એક બાળકીને જન્મ આપ્યો.

જો કે નબળાઈ અને દુઃખાવાને કારણે તે નવજાત બાળકીને ગળે લગાવી શકતા ન હતા. તેનું પેટ ફુલી ગયું અને તે પીડાથી રડી પડી. તબિયત વધારે બગડતી જણાતા ડૉક્ટરે તેને શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લઈ જવા કહ્યું.

તાત્કાલિક સારવાર વિભાગમાં ૧૯ વર્ષીય રિંકુને 'પોસ્ટપાર્ટમ સેપ્સિસ' (પ્રસૂતિ બાદ ફેલાતો ચેપ) હોવાનું જણાવ્યુ.

ડૉક્ટરોએ ટ્રેકિઓસ્ટૉમી સર્જરી કરી. તેણીને આઈ.સી.યુ.માં વૅન્ટિલેટર સપોર્ટ અને ભારે દવાઓની જરૂરિયાત હતી. શરૂઆતનાં ખર્ચા માટેના બિલ ચૂકવ્યા બાદ નરેન્દ્ર ચિંતિત રહેતો. તેને સમજાયું કે જરૂરી સારવારને પહોંચી વળવું શક્ય નહતું.

મંડળ તેમની મદદ કરવા વહારે આવ્યું. ટાટા ટ્રસ્ટને અરજી કરવામાં આવી, જેઓએ રિંકુને બચાવવા ઉદાર યોગદાન આપ્યું. મંડળ અને અન્ય દાતાઓનો પણ સહયોગ મળ્યો. આઈ.સી.યુ.માં એક મહિનાથી વધુ વૅન્ટિલેટર સપોર્ટ સાથે સઘન સારવાર દરમ્યાન તજજ્ઞોએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. રિંકુની સ્થિતિ સામાન્ય થતાં તેણીને રજા આપવામાં આવી ત્યારે નરેન્દ્રની આંખમાં આંસુ હતા. મોતના મુખમાંથી પાછી ફરેલી રિંકુને પરત લાવવામાં મદદ કરનાર તમામ દાતાઓનો આભાર માની કૃતજ્ઞતા વ્યક્ત કરી.


## કૃતજ્ઞતા:

આપના જેવા અસંખ્ય વ્યક્તિઓ અને સંસ્થાઓ તરફથી ચારૂતર આરોગ્ય મંડળની પ્રવૃતિઓ હાથ ધરવામાં વિવિધ રૂપે અમને ટેકો મળ્યો છે. મંડળની ઉત્તરોત્તર પ્રગતિ આપની મદદ અને પ્રોત્સાહન વિના કદાચ શક્ય ન થઈ હોત. આ ઉદાર સહાય થકી અમે પીડિતોને સાંત્વના સભર સારવાર પૂરી પાડી શક્યાં. આપની આ ઉદારતાને લીધે જ અમે ગ્રામીણ વંચિત સમુદાયને ગુણવત્તાસભર આરોગ્ય સંભાળ પોસાય તેવા દરે પૂરી પાડવાના સંસ્થાના ધ્યેયને પામી શક્યાં. ભારત અને વિદેશમાં વસતાં સહુ ઉદાર દાતાઓ કે જેમણે મંડળના પ્રોજેક્ટ અને પ્રવૃતિઓને માટે ઉદાર થઈને ટેકો આપ્યો છે તે સૌનો અમે હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

**મુખ્ય દાતાઓ - એપ્રિલ થી જૂન ૨૦૨૨ દરમ્યાન**

- ધ શાંતા ફાઉન્ડેશન
- તાતા ઍજ્યુકેશન ઍન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
- શ્રી જલારામ સેવાશ્રમ ટ્રસ્ટ
- મે. દીપક નાઈટ્રાઈટ લિમિટેડ
- બી.કે. પટેલ ટ્રસ્ટ
- ગિવ ફાઉન્ડેશન ઈન્ક.
- સેવા ઈન્ટરનેશનલ
- ગિવ ફાઉન્ડેશન
- મે. કેડિલાક કેમિકલ્સ પ્રા.લિ.
- શ્રી અનિલ રમેશભાઈ પટેલ
- શ્રી પીયૂષ ગોયેલ
- કુ. નિશા દાકુન્હા
- શ્રી રાજીવ શર્મા
- શ્રી રમેસભાઈ હિમતલાલ શાહ
- અરૂણ મેહતા હ્યુમેનિટી ફાઉન્ડેશન
- શ્રી જયંતિ પટેલ
- શ્રી રવિન્દ્રકુમાર રામકિર્તિસિંહ યાદવ
- મે. ઈન્ડો-ફેબ ઈન્ડસ્ટ્રિઝ
- શ્રી વિનાયક મૂળજીભાઈ ભટ્ટ
- શ્રી જૈમિન રોહિતકુમાર ભાવસાર
- શ્રી અનંતભાઈ રાવજીભાઈ પટેલ
- વિમળાબેન શશીકાંત અમીલ
- કેટ્ટો ઑનલાઈન વૅન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ
- શ્રી સુધીર જી. માંકડ
- શ્રી જયદેવ દીપક ઉનડકટ
- શ્રી વિમલકુમાર સિંગ
- શ્રી રાજીવ મધુસુદન ગાંધી
- શ્રી દિપકકુમાર ભાઈલાલભાઈ રાવલ
- મનભાર દેવી આર. અગરવાલ
- શ્રી રાજેશ પટેલ
- શ્રી પુરષોત્તમ કાળીદાસ ગોહિલ
- શ્રી સમીર રતીલાલ મેહતા
- ડૉ. અલીમ અદાતીઆ

## મુખ્ય પ્રવૃત્તિઓ

- એમ.એસ. પટેલ કેન્સર સેન્ટરમાં ૩૦ વર્ષીય મરકી (આંચકી)ના દર્દીની પેટની ગાંઠ દૂર કરી અતિ જોખમી સર્જરી સફળતાપૂર્વક પાર પાડી. દર્દી છેલ્લા ૪ મહિનાથી ખોરાક લઈ શકતો ન હતો.
- શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદને એક સપ્તાહમાં સ્ટ્રોક અવેરનેસ અભિયાન માટે સૌથી વધુ સંકલ્પો લેવા બદલ 'ગિનિસ વર્લ્ડ રેકોર્ડ' તોડવા માટે નોંધપાત્ર યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યું.
- શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં એ.ડી. ગોરવાલા બ્લડ સેન્ટરને વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સ - લંડન દ્વારા પ્રમાણપત્ર પ્રાપ્ત થયું.
- ૨૧ જૂન ૨૦૨૨ના રોજ ૫ ઈન્ટરનેશનલ યોગ દિનની ઊજવણી કરવામાં આવી.
- સેવા ઈન્ટરનેશનલ, નવિન ફ્લોરીન ઈન્ટરનેશનલ લિમિટેડ, કેટ્ટો ઈન્ડિયા અને સાઈલોક્સ ઈન્ડિયા દ્વારા મંડળની મુલાકાત લેવામાં આવી.

| ક્રમાંક | પ્રોજેક્ટનું નામ | અંદાજીત ખર્ચ, રૂા. |
|---|---|---|
| | **જરૂરતમંદ દર્દીઓને સહાય આપવાના વિકલ્પ** | |
| ૧ | એક ગરીબ કેન્સર દર્દી અથવા કાર્ડિયાક દર્દીની (હૃદય સંબંધી) સારવાર માટે | ૧,૨૫,૦૦૦ |
| ૨ | એન.આઈ.સી.યુ.માં દાખલ અધૂરા માસે જન્મેલ ઓછા વજનવાળા નવજાત શિશુની સારવારઅર્થે | ૭૫,૦૦૦ |
| ૩ | આશીર્વાદ વૉર્ડમાં દાખલ ૪૦ દર્દીઓના એક દિવસ માટે ભોજનદાન નિમિત્તે | ૧૦,૦૦૦ |
| ૪ | એક ગરીબ દર્દીના મોતિયાના ઑપરેશન માટે ખર્ચ ઉઠાવવા અર્થે | ૫,૦૦૦ |
| | **હૉસ્પિટલના મકાન, મશીનરી/સંશોધન અર્થે સહાય આપવાના વિકલ્પ** | |
| ૧ | બોન ડૅન્સિટોમીટર અથવા ઍન્ડોસ્કૉપી કૅમેરા સિસ્ટમ | ૧૫,૦૦,૦૦૦ |
| ૨ | પ્રિવિલેજ સેન્ટરમાં ગોલ્ડરૂમના નામકરણ હેતુ | ૧૦,૦૦,૦૦૦/(રૂમ દીઠ) |
| ૩ | પ્રસ્તાવિત સ્કિલ લૅબમાં રૂમના નામકરણ હેતુ | ૧૦,૦૦,૦૦૦/(રૂમ દીઠ) |
| ૪ | કોર મૅડિકલ રિસર્ચ (સંશોધન) અર્થે (આવકવેરા અધિનિયમ 35 (1)(ii) હેઠળ) | ૧,૦૦,૦૦૦ અને તેથી વધુ |

**નોંધ:**

૧. દર્દીની સારવાર અર્થે કરેલ દાન ને સારવાર લઈ રહેલ એક દર્દી સાથે સાંકળી લેવામાં આવે છે.

૨. મકાન, મશીનરી હેતુ પ્રાપ્ત દાન માટે દાતાઓનાં યોગદાનની અભિવ્યક્તિ મંડળ દ્વારા અચૂક કરવામાં આવે છે. તેમજ જ્યાં શક્ય હોય ત્યાં નામકરણ પણ દાતાની ઈચ્છા મુજબ કરવામાં આવે છે.

૩. આપનાં દાનની રકમ ચેક અથવા પેટીએમ દ્વારા "ચારૂતર આરોગ્ય મંડળ" ને મોકલશો. દાનનો હેતુ સ્પષ્ટપણે જણાવશો. **ઑનલાઈન દાન આપવા માટે બાજુમાં આપેલ QR Code સ્કૅન કરી, દાન આપ્યા પછી ઈ-મેઈલ/ફોન દ્વારા દાનની વિગત જણાવવા વિનંતી.** દાનની રકમ આવક વેરા કલમ ૮૦ જી મુજબ ૫૦% ટેક્સ રાહતને પાત્ર થશે. યુ.એસ./યુ.કે.ની અમારી ચૅરિટીમાં દાન કરવા અને સ્થાનિક આવકવેરા રાહત મેળવવા માટે કૃપા કરી helpus@charutarhealth.org પર અમારો સંપર્ક કરશો.

૪. સંસ્થાઓઅનેપગારદારવ્યક્તિઓદ્વારા'વૈજ્ઞાનિકસંશોધન'માટેકરાયેલદાનઆવકવેરાકલમ35(1)(ii)અને80GGAહેઠળઅનુક્રમે૧૫૦%અને૧૦૦% કર રાહતને પાત્ર થશે.

**મંડળ નીચે મુજબની સંસ્થાઓની સૂચિ પર છે.**

- ગિવ ઈન્ડિયા
- ચૅરિટી એડ ફાઉન્ડેશન, ઈન્ડિયા
- આઈ-ચૅરિટી
- હેલ્પ યૉર એન.જી.ઓ.
- ટિસ, સી.એસ.આર. હબ (ડિસેમ્બર ૨૦૨૩ સુધી)

**મંડળ નીચે મુજબની સંસ્થાઓ સાથે રજીસ્ટર્ડ છે**

- ગાઈડ સ્ટાર ઈન્ડિયા પ્લેટિનમ સીલ (રજી નં. ૭૮૦) (રિન્યુઅલ માટે અરજી કરેલ છે.)
- વર્ષ ૨૦૧૬માં મંડળને ઈમ્પલીમેન્ટીંગ એજન્સીસ હબનું બહુમાન ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉર્પોરેટ ઍફર્સ (આઈ.આઈ.સી.એ.) દિલ્હી દ્વારા કરવામાં આવ્યુ.

**મંડળને નીચે મુજબની સંસ્થાઓની માન્યતા પ્રાપ્ત થયેલ છે.**

- બી.એસ.ઈ. સમ્માન
- ક્રેડિટીબિલિટી ઍલાયન્સ (ડિઝાયર્ડ નોર્મ્સ)

### નિયમિત રૂપે સહાય આપવા પ્રતિજ્ઞા લો

**મને "ચારૂતર આરોગ્ય મંડળ"ની ડોનર્સ ડિરેક્ટરીમાં સામેલ થવામાં આનંદ થશે.**

હું ગરીબ જરૂરતમંદ દર્દીઓની સારવાર અર્થે દર વર્ષે રૂા. (૧૦૦૦/૨૦૦૦/૫૦૦૦/૧૦૦૦૦/ ________) રૂા. (શબ્દોમાં) અંકે રૂા.________________ ________________________ પૂરા આપવા બંધાઉં છું. હું પ્રતિજ્ઞા લઉં છું કે, ઉપરોક્ત રકમ દર વર્ષે ________ મહીનામાં આપને મોકલી આપીશ.

નામ: ________________________ ઈમેલ: ________________________.

સરનામુ: ________________________ ફોન/મોબાઈલ નં: ________________________

પાનકાર્ડ નં.: ________________ જન્મ તા.: ________________

સહી

" તમને જે પ્રાપ્ત થાય છે તેના થી જીવન નિર્વાહ થાય છે, પણ જે તમે આપો છો તેનાથી એક જીવન સફળ થાય છે"